divyabhaskar.com

# લાઇબ્રેરીમા બુક જમા નહી કરાવો તો સાયરન વાગશે

## IIT-Gnની લાઈબ્રેરીમાં RFID કોડ સિસ્ટમ લાગુ કરાશે

સિટી રિપોર્ટર @ahm_cb

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી (આઈઆઈટી) ગાંધીનગરના પાલેજ કેમ્પસ ખાતે સાયન્સ અને ટેકનોલોજીની લાઈબ્રેરીઓ કેવી હોવી જોઈએ? તે વિષય પર ત્રિ-દિવસીય પરિસંવાદનું આયોજન કરાયુ હતું. લાઈબ્રેરીમાં ટેકનોલોજીનો ઉપયોગ દ્વારા તેને વધુ સ્ટુડન્ટ્સ ફ્રેન્ડલી બનાવી શકાય છે. તે દિશામાં મહત્વનું પગલુ આઈઆઈટી ગાંધીનગરે લીધુ છે. આઈઆઈટી-જીએનની લાઈબ્રેરીમાં ટૂંક સમયમાં આરએફઆઈડી (રેડિયો ફ્રિક્વન્સી આઈડેન્ટિફિકેશન) કોડ સિસ્ટમ લાગુ કરાશે. જેની મદદથી કઈ બુક ક્યાં પડી છે તેની ખબર પડી જશે.

આ પ્રસંગે કેલિફોર્નિયા યુનિવર્સિટીના કેમિસ્ટ્રીની લાઈબ્રેરીના સંચાલક ડૉ. નિર્મલ ભારતીએ કહ્યું કે, 'લાઈબ્રેરીમાં બુક્સ વધતી જતી હોય છે પણ તેનું લેન્ડસ્કેપ એવુંને એવું રહે છે. રિડર્સની વધતી સંખ્યાને પહોંચી વળવા લાઈબ્રેરીને વધુને વધુ સ્પેસવાળી બનાવવી જોઈએ. ઈન્ડિયાની લાઈબ્રેરીમાં મુખ્ય પ્રોબ્લેમ સ્પેસનો છે. અહીં ટેકનોલોજીનો પણ ઓછો ઉપયોગ થાય છે.



IIT ખાતે પરિસંવાદમાં દેશભરના લાઈબ્રેરિયન ઉપસ્થિત રહ્યાં હતાં.

### IIT લાઈબ્રેરીમાં આરએફઆઈડીનો ઉપયોગ આ રીતે કરાશે

આઈઆઈટીના લાઈબ્રેરિયન પ્રો.તાપશે કહ્યું કે, 'આઈઆઈટી ગાંધીનગરની લાઈબ્રેરીનું રિસર્ચ કર્યા બાદ જાણવા મળ્યુ કે ઘણી વખત સ્ટુડન્ટ્સ પોતાની અગત્યની બુક્સ સંતાડી દેતા હોય છે અને ઘણી વખત બુક્સ ઈસ્યુ કરાયા બાદ પાછી આપતા જ નથી. આવી પરિસ્થિતિમાં બુક્સ નકામી બને છે. જેના સમાધાન રૂપે આઈઆઈટી લાઈબ્રેરીએ નવોપ્રયોગ કર્યો છે. જેમાં લાઈબ્રેરીની દરેક બુક્સમાં એક ચીપ્સ લગાવવામા આવશે. ચીપ્સની મદદથી બુકસનું લોકેશન રિસિવર કેપ્ચર કરી શકશે. જો કોઈ સ્ટુડન્ટ બુકને ઈસ્યુ કરાવ્યા વગર કે બુકની જમા કરાવવાની તારીખ જતી રહ્યાં બાદ લાઈબ્રેરી અથવા તેની આજુબાજુના એરિયામાં આવશે તો સાયરન વાગશે. લાઈબ્રેરીયનને આ ટેકનોલોજીની મદદથી સ્ટુડન્ટસે કઈ બુક્સ ક્યા રાખી છે? તેની માહિતી મળી જશે.